# Third Evacuation Flight from Wuhan, China

February 27, 2020

# ચીનનાં વુહાનથી ત્રીજી વિરેચન ફ્લાઇટ

ફેબ્રુઆરી 27, 2020

ભારત સરકારે 26 ફેબ્રુઆરી 2020 નાં રોજ ચીનને માસ્ક, ગ્લોવ્ઝ અને અન્ય આપાત્તકાલિન તબીબી સાધનો ધરાવતી 15 ટન તબીબી સહાયતા પ્રદાન કરી હતી. આ પૂરવઠાઓને ભારતીય એર ફોર્સની સી-17 વિશેષ ફ્લાઈટ દ્વારા 26 ફેબ્રુઆરી 2020 ની મોડી સાંજે ચીનનાં વુહાનમાં પહોંચાડવામાં આવ્યા હતા.

આ સહાયતા ચીનમાં કોરોના વાઈરસ (કોવિડ 19) મહામારી ફેલાવાનાં સંદર્ભમાં અને માસ્ક તથા તબીબી સાધનો જેવા પૂરવઠાઓ પ્રદાન કરવા માટે ચીનની વિનંતી પર પ્રદાન કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 8 ફેબ્રુઆરી 2020 નાં રોજ રાષ્ટ્રપતિ શી ઝિનપિંગને લખ્યું હતું જેમાં ભારતનાં લોકો અને ભારત સરકારની ચીનનાં લોકો અને સરકાર તરફનો ઐક્ય ભાવ અભિવ્યક્ત કર્યો હતો અને જરૂરિયાતનાં આ સમયમાં ચીનને ભેંટ તરીકે સહાયતા પણ અર્પણ કરી હતી. તબીબી પૂરવઠાઓ વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા જાહેર આરોગ્ય આપાત્તકાલિન તરીકે ઘોષિત કરવામાં આવેલા આ ચેપનાં ફેલાવાને નિયંત્રિત કરવાનાં ચીનનાં પ્રયાસોમાં વધારો કરવામાં મદદ કરશે.

બન્ને દેશો આ વર્ષે રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 70 વર્ષગાંઠ પણ ઉજવે છે તે સાથે આજે મોકલવામાં આવી રહેલી સહાયતા ભારતનાં લોકોની ચીનનાં લોકો તરફની મૈત્રી અને એકતાને પણ અંકિત કરે છે.

વુહાનથી પરત ફરતી વખતે ભારતીય એર ફોર્સની આ ફ્લાઇટથી 76 ભારતીય નાગરિકો (વિરેચનનું સંકલન કરવા વુહાનમાં સ્થળ પર હતા તેવા 3 ભારતીય એલચીનાં અધિકારીઓ સહિત) અને 36 વિદેશી નાગરિકોને પણ પરત લાવવામાં આવ્યા હતા જેમાં કેટલાક આપણા પાડોશી દેશોનાં નાગરિકો પણ હતા જેઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પાડોશીઓને પ્રાથમિકતા નીતિનાં અનુપાલનમાં ભારત આવવા માટે સહાયતા માંગી હતી. વિદેશી નાગરિકોમાં બાંગ્લાદેશનાં 23 નાગરિકો, ચીનનાં 6 નાગરિકો, મ્યાનમાર અને માલદીલ પ્રત્યેકનાં 2 નાગરિકો અને સાઉથ આફ્રિકા, યુએસએ અને માડાગાસ્કરનાં પ્રત્યેકનાં 1 નાગરિકનો સમાવેશ થતો હતો.
આજ રોજની એક ફ્લાઇટ સહિત કુલ ત્રણ ફ્લાઇટનું આયોજન કરવામાં આવ્યું છે. અગાઉની બે ફ્લાઇટ 31 જાન્યુઆરી અને 1 ફેબ્રુઆરીનાં રોજની હતી. આ ત્રણ ફ્લાઇટમાં કુલ 723 નાગરિકો અને 43 વિદેશી નાગરિકોનું ચીનનાં વુહાનમાંથી વિરેચન કરવામાં આવ્યું છે.

**નવી દિલ્હી**
**ફેબ્રુઆરી 27, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.